Extra No. 67

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **MONDAY, MARCH 2, 2026 / PHALGUNA 11, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વાંચ્યો:

૧. નાયબ વન સંરક્ષકશ્રી, સાબરકાંઠા હિંમતનગરના પત્ર નં. બ/પરચ/પોળો/૧૩/૫૭૧૪-૧૬/૨૦૨૫-૨૬, તા.૨૪/૦૨/૨૦૨૬.

૨. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને. ૨૦૨૩ની કલમ-૧૬૩.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

નં.ડીસી/પીઓએલ/પોળો જંગલ પ્લાસ્ટીક પ્રતિબંધ/જાહેરનામું/વશી/૩૪૨/૨૦૨૬.-સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના પૌરાણિક જંગલોમાં ૧૪ જેટલા પૌરાણિક લાખેણા જૈન મંદિર તથા શારણેશ્વર મંદિર પુરાતત્વ મંદિરો આવેલ છે. જેના ટુરીઝમ વિકાસ માટે ટુરીઝમ કોર્પોરેશન ગુજરાત સરકાર તથા વન વિભાગ ધ્વારા ઈકો ટુરીઝમ સેન્ટરના વિકાસની કામગીરી કરવામાં આવે છે. આથી ગુજરાત રાજયમાં ખ્યાતિ વધતા સદર વિસ્તારમાં સતત પ્રવાસીઓનો વધારો થાય છે.

પ્રવાસીઓ પોતાની સાથે નાસ્તા અને અન્ય ચીજવસ્તુઓ લઈને પોળોના જગલમાં આવે છે. તેમાં મોટા ભાગે પ્લાસ્ટીક બેગનો ઉપયોગ થાય છે. આથી પોળો જંગલોમાં પ્લાસ્ટીકના ઉપયોગથી પર્યાવરણ તેમજ વન્ય પ્રાણીઓને ઘણું નુંકશાન થાય છે. જેથી સદર વિસ્તારને પ્લાસ્ટીક મુકત કરવા જરૂરી જાહેરનામું બહાર પાડવા નાયબ વન સંરક્ષકથી, સાબરકાંઠા- હિંમતનગર દ્વારા સંદર્ભ-(1)થી દરખાસ્ત રજુ થયેલ છે. જેથી પોળો જંગલ વિસ્તારમાં પર્યાવરણ તથા વન્ય પ્રાણીઓને થતુ નુકસાન અટકાવવા પ્લાસ્ટીકના વેચાણ તથા ઉપયોગ ઉપર પ્રતિબંધ લાવવો ખુબ જ જરૂરી જણાય છે.

સબબ, હું લલિત નારાયણ સિંઘ સાંદુ (આઈ.એ.એસ.) કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબના પતિબંધો લાદવા આથી હુકમ કરૂ છુ.

“જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર”

મોજે.વિજયનગર, શારણેશ્વર ચેકપોસ્ટ થી આગળ લાગુ થતુ સમગ્ર પોળો જંગલ

“જાહેરનામાનો પ્રતિબંધ”

જાહેરનામાના ઉકત પ્રતિબંધિત વિસ્તારમાં સીંગલ યુઝ પ્લાસ્ટીસ બેગ તથા પ્લાસ્ટીકની તમામ વસ્તુના ઉપયોગ, વેચાણ તથા

બહારથી લાવવા પર પ્રતિબંધ

"જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો"

આ હુકમ તા.૦૪/૦૩/૨૦૨૬ થી તા.૦૨/૦૫/૨૦૨૬ સુધી(બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

"પ્રચાર-પ્રસાર"

નાયબ વન સંરક્ષકશ્રી, સાબરકાંઠા-હિંમતનગરએ પ્રાદેશિક અધિકારીશ્રી, ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ, હિંમતનગરના સંકલનમાં રહી "ઈકો ફેન્ડલી"નું મહત્વ સમજાવવા પ્રચાર પ્રસાર કરવો.

જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજા/દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

વધુમાં ઉક્ત જાહેર વિજ્ઞપ્તિના ભંગ કે ઉલ્લંઘન કરનાર સામે ભારતના વન અધિનિયમ ૧૯૨૭ ની કલમ ૨૬ તથા તેની અંતર્ગત કલમો હેઠળની જોગવાઈઓમાં દર્શાવેલી શિક્ષાાને પાત્ર ઠરશે.

આજ તા.૨જી માર્ચ-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

લલિત નારાયણ સિંઘ સાંદુ
કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

વાંચ્યો

૧. અધિક ચીટનીશ શાખા, સદર કચેરીના પત્ર નં.એલએક્યુ/અભાપુર/વશી/૪૪૫/૧૮, તા.૦૫/૦૪/૨૦૧૮

૨. નાયબ વન સંરક્ષકથી, સાબરકાંઠાના પત્ર ક્રમાંક:બ/પરચ/પોળો/૧૩/૫૭૧૧-૧૩/૨૦૨૫-૨૬, તા.૨૪/૦૨/૨૦૨૬

3. ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ (BNS)ની કલમ-૧૬૩

આદેશ:-

નં.ડીસી/પીઓએલ/પોળો જંગલ/વાહન પ્રતિબંધ/જાહેરનામું/વશી/૩૪૧/૨૦૨૬.-આમુખ-૧ની વિગતે સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના પ્રવાસન ધામ પોળો ફોરેસ્ટ ખાતે શારણેશ્વર મંદિર પાસે પ્રવાસીઓની સુવિધા વધારવા પગલા લેવા બાબતના ભાગરૂપે પોલ્યુશન ફ્રી ઈકો ટુરીઝમ માટે ટુ-વ્હીલર સિવાયના તમામ વાહનો ફોરેસ્ટ નાકાથી બહાર પાર્ક કરી મોટા વાહનોના પ્રવેશબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા જણાવેલ છે.

આમુખ-૨થી નાયબ વન સંરક્ષકશ્રી, સાબરકાંઠા દ્વારા પોળો વિસ્તારના શારણેશ્વર મંદિરના "ફોરેસ્ટ નાકાથી વણજ ડેમ અને વણજ ડેમ થી વિજયનગર તરફ જતા પ્રથમ ત્રણ રસ્તા સુધીના રોડ ઉપર ચાર પૈડા અને તેથી ભારે વાહનો પર પ્રતિબંધ મૂકવા જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરેલ છે. જેથી પોળો જંગલમાં વાહનોના પ્રવેશબંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર

મોજે-અભાપુર, તા-વિજયનગર, જિ.સાબરકાંઠાના ફોરેસ્ટ નાકાથી વણજ ડેમ અને વણજ ડેમથી વિજયનગર તરફ જતા પ્રથમ ત્રણ રસ્તા સુધીના રોડ

જાહેરનામાનો પ્રતિબંધ

મોજે-અભાપુર, તા-વિજયનગર, જિ.સાબરકાંઠાના ફોરેસ્ટ નાકાથી વણજ ડેમ અને વણજ ડેમથી વિજયનગર તરફ જતા પ્રથમ ત્રણ રસ્તા સુધીના રોડ પર ટુ-વ્હીલર સિવાયના તમામ ફોર વ્હીલર કે તેનાથી ભારે વાહનો ઉપર

જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો

આ હુકમ તા.૦૪/૦૩/૨૦૨૬ થી તા.૦૨/૦૫/૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

જાહેરનામા મુજબ અપવાદ

ઉક્ત પ્રતિબંધ સ્થાનિક રહીશોના પોતાની માલિકીના વાહનો તેમજ સરકારી વાહનો/સરકારી કામે રોકાયેલ વાહન, આકસ્મિક સંજોગોને પહોંચી વળવા ઉપયોગમાં લેવાતા સાધનો જેવા કે એમ્બ્યુલન્સ, અગ્નિશામક વાહન, દિવ્યાંગો તથા શારીરીક રીતે ખોડ. ખાંપણ ધરાવતી વ્યક્તિઓ વિગેરેને લાગુ પડશે નહીં.

જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજા/દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

વધુમાં, ઉક્ત જાહેર વિજ્ઞપ્તિના ભંગ કે ઉલ્લંઘન કરનાર સામે ભારતના વન અધિનિયમ ૧૯૨૭ની કલમ ૨૬ તથા તેની અંતર્ગત કલમો હેઠળની જોગવાઈઓમાં દર્શાવેલી શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા.૨જી માર્ચ-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

લલિત નારાયણ સિંઘ સાંદુ
કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.04.08 13:18:13 IST